નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૩૮
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૦૩/૦૫/૨૦૧૬

# // પરિપત્ર //

**વિષયઃ–** **પ્લોટ વિભાજન કે એકત્રીકરણની સત્તા જો અન્ય સત્તા મંડળ પાસે હોય તો નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા વગર મંજુર કરાવવામાં આવેલ હોય તેવા કિસ્સાઓને નિયમીત કરવા બાબત.**

**સંદર્ભઃ–**
૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/ ૧૮ તા.૨૧–૦૮–૨૦૧૨
૨) નિગમના પત્ર ક્રમાંકઃએલ૦૯૦૦૩૭૩૧૭૮૦, તારીખઃ૧૮–૧૨–૨૦૧૫
૩) નિગમની નિયામક મંડળની સભા ક્રમાંકઃ૪૮૮ માં થયેલ ઠરાવ ક્રમાંકઃ૪૬/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/ ૧૮ તા.૨૧–૦૮–૨૦૧૨ થી જો નિગમની જુદી જુદી વસાહતો કે જે મ્યુનીસીપલ કોર્પોરેશન, નગરપાલિકા કે શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાં આવતી હોય અને તેવી વસાહતોનાં કોઈ ફાળવણીદાર ધ્વારા નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા સિવાય તારીખઃ૩૦–૦૬–૨૦૧૨ પહેલા નકશા મંજુર કરાવેલ હોય, પેટા વિભાજન મંજુર કરાવેલ હોય અથવા તો એકત્રીકરણ કે વધારાના બાંધકામ માટેના પ્લાન મંજુર કરાવેલ અને અરજદાર અરજી કરે તો તેવા કિસ્સાઓને પ્રવર્તમાન વિતરણ દરના ૨૫% લેખે દંડ વસુલ લઈ નિયમીત કરી આપવાની જોગવાઈ કરવામા આવેલ તેમજ તારીખઃ૦૧–૦૭–૨૦૧૨ પછીના કિસ્સાઓ નિયમીત ન કરવાની જોગવાઈ કરવામાં આવેલ. જેથી ત્યારબાદના કિસ્સાઓ નિયમીત કરી શકાતા ન હતા. ત્યારબાદ નિગમના પત્ર ક્રમાંકઃએલ૦૯૦૦૩૭૩૧૭૮૦, તારીખઃ૧૮–૧૨–૨૦૧૫ થી નિગમના "ના વાંધા પ્રમાણપત્ર" વગર નકશા મંજુર કરવા જે તે સ્થાનિક મંડળને જણાવવામાં આવેલ છે.

નિગમના નિયામક મંડળની તા.૧૯–૦૩–૨૦૧૬ ના રોજ યોજાયેલ ૪૮૮ મી સભામાં પ્લોટ વિભાજન કે એકત્રીકરણની સત્તા જો અન્ય સત્તા મંડળ પાસે હોય અને જો ફાળવણીદાર ધ્વારા નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા વગર પેટા વિભાજન કે એકત્રીકરણ મંજુર કરાવવામાં આવેલ હોય તો તેવા કિસ્સાઓને નિયમીત કરવા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ ૦૫/પોસ્ટ વિતરણ/૪૮૮ થી નિગમની સભા સમક્ષ રજુ કરવામાં આવેલ. જેને અનુસંધાને થયેલ ઠરાવ ક્રમાંકઃ૪૬/પોસ્ટ વિતરણ/૪૮૮/૨૦૧૬ અન્વયે નીચે મુજબ પરિપત્ર જારી કરવામાં આવે છે.

૧. નિગમની જુદી જુદી વસાહતો કે જે મ્યુનીસીપલ કોર્પોરેશન, નગરપાલિકા કે શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદમાં આવતી હોય અને તેવી વસાહતોમાં કોઈ ફાળવણીદાર ધ્વારા નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા સિવાય પેટા વિભાજન કે એકત્રીકરણ સ્થાનિક સંસ્થા ધ્વારા તા.૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં મંજુર થયેલ હોય અને તે નિગમની પેટા વિભાજન/એકત્રીકરણની નીતિ મુજબ હોય તો તેવા કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરના ૨% લેખે દંડની રકમ વસુલ લેવાની રહેશે.

૨. નિગમની નીતિ મુજબ પેટા વિભાજન ફી / એકત્રીકરણ ફી વસુલ લેવાની રહેશે.

૩. નિગમના તમામ બાકી લ્હેણાં, વણવપરાશી દંડ વિગેરેની વસુલાત કરવાની રહેશે.

૪. તા.૦૧-૦૪-૨૦૧૬ પછી નિગમની પૂર્વ મંજુરી સિવાય આવા કોઈપણ પેટા વિભાજન મંજુર કરાવેલ હોય અથવા તો એકત્રીકરણ કરાવેલ હોય તો તેને નિયમીત ન કરવાનું તેમજ તે અંગેની કોઈપણ દરખાસ્ત વડી કચેરીને મોકલવાની રહેશે નહી તેની નોંધ તમામ ક્ષેત્રિય કચેરીના વડીશ્રીઓએ લેવાની રહેશે.

૫. જે કિસ્સાઓમાં નિગમના ઉકત સંદર્ભિત પરિપત્ર તારીખ:૨૧-૦૮-૨૦૧૨ની જોગવાઈ મુજબ અગાઉ નિર્ણય લેવાયેલ હોય તેવા કિસ્સાઓ પુન: ખોલવાના રહેશે નહિ.

૬. સદર કિસ્સાઓમાં મંજુરી આપવાની સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ) ને પાઠવવી.

-સહી-
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

મેનેજર(મહેકમ)